ISSN: 2319-202X

# બાળવિકાસ અને ભારતીયવિચાર

**માલતિ ઠક્કર**
આસિ. પ્રોફેસર, ડો. એચ. આર. ગજવાનિ કોલેજ ઓફ એજ્યુકેશન, આદિપુર, કચ્છ
Mo– 9428067805, Email:– maltithacker6@gmail.com

શિક્ષણ કોઈ પણ દેશની સભ્યતા અને સંસ્કૃતિનું અનિવાર્ય અંગ છે. નવી પેઢી પોતાની સંસ્કૃતિ પ્રત્યે આસ્થા અને નિષ્ઠા એ શિક્ષણના માધ્યમથી જ ટકાવી શકે છે. ઈ.સ. ૧૯૪૭ માં ભારત સ્વતંત્ર થયું ત્યારે લોકોના મનમાં ભારતીય શિક્ષણમાં ભારતીયતા અને રાષ્ટ્રીયતાને સ્વાભાવિકપણે જ મહત્વનું સ્થાન પ્રાપ્ત કરશે. પરંતુ અંગ્રેજી ભાષા અને સંસ્કૃતિના પ્રેમીઓ ભારતીય શાસનમાં ઉચ્ચ પદો પર આસીન છે. તેના કારણે દેશમાં બેવડી શિક્ષણ પદ્ધતિ ચાલી રહી છે. આ બેવડી શિક્ષણ પદ્ધતિને કારણે ભારતીય લોકોના વિચારમાં પણ તફાવત :– જેમ કે,

- કોઈ પણ પરિસ્થિતિમાં બાળકને પાંચ વર્ષ સુધી માતા–પિતાથી, ઘરથી દૂર ન કરવું જોઈએ પરંતુ તેની જગ્યાએ આજે લોકો ૧ વર્ષથી જ ઘોડિયા ઘર, ચાઈલ્ડ કેર વગેરે જેવા સ્થળોએ મૂકવાનું પસંદ કરે છે.
- કોઈ પણ જાતના બંધનોમાં ન બાંધવું જોઈએ પરંતુ આજના યુગમાં ટ્યુશનીયા બાળકો જોવા મળે છે.
- માતા–પિતાની વાત કરીએ તો વોટ્સએપ માં વીંટળાયેલા અને ફેસ–બુકમાં ફસાયેલા જોવા મળે છે. અને બાળક અસાઈમેન્ટ, વર્કશીટ, હોમવર્ક અને પરીક્ષામાં પીસાયેલા જોવા મળે છે.

આમ, એક વાત આપણે સમજી લેવી જોઈએ કે ભારતમાં આજે જે શિક્ષણ વ્યવસ્થા ચાલી રહી છે તે આયાતી વ્યવસ્થા છે. તેનાં સંદર્ભ પશ્ચિમી છે. તેના કારણે બાળકની બધી જ પ્રક્રિયા ગડબડીપૂર્ણ જોવા મળે છે. બાળક ઘરમાં છતાં માતા–પિતા, પરિવાર થી દૂર જોવા મળે છે.

**મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાની રીતે અને ભારતીય શાસ્ત્રની રીતે જોઈએ તો જીવનને ત્રણ કે ચાર તબક્કામાં વહેચવામાં આવે છે.**

ગર્ભાવસ્થાથી પાંચ વર્ષ :– કે જેમાં બાળકની સંસ્કાર ગ્રહણ ક્ષમતા ખૂબ જ વધારે હોય છે. યોગની ભાષામાં કહીએ તો પાંચ વર્ષ સુધી વિકાસની પ્રક્રિયાનું મુખ્ય માધ્યમ ચિત્ત છે.

ISSN: 2319-202X

છ થી પંદર વર્ષ :– આ સમયગાળા દરમિયાન વિકાસનું માધ્યમ શિક્ષણ છે. બાળક ઘર થી દૂર ગુરુજનો પાસે વિદ્યાભ્યાસ માટે જાય છે.

સોળથી જીવનના અંત સુધી :– આ સમયગાળા દરમિયાન વ્યક્તિ પોતાની બુદ્ધિનો ઉપયોગ સ્વયં કરતા શીખે છે. આજ વાતને આપને ભારતીય વિચાર/સંસ્કારની દ્રષ્ટિએ પ્રસ્તુત કરીએ તો.

- પૂર્વ જન્મના સંસ્કાર
- માતા–પિતા દ્વારા પ્રાપ્ત સંસ્કાર
- વાતાવરણ દ્વારા મળતા સંસ્કાર

જીવનનો ઘનિષ્ઠતમ અનુભવનો વિસ્તાર શારીરિક થી લઈને આત્મિક વિકાસ સુધીનો હોવો જોઈએ. એટલે કે ઈન્દ્રિયો અને પંચમહાભૂતોનો સમન્વય. તો એ કેવી રીતે ? ?

બાળકના વિકાસમાં

**ન્દ્રિયો એટલે ? ?**

- રૂપ,
- રસ,
- ગંધ,
- સ્પર્શ,
- ધ્વનિ

**પંચમહાભૂત એટલે ? ?**

- હવા,
- પાણી,
- માટી,
- આકાશ,
- અગ્નિ (સૂર્યપ્રકાશ)

તો આ બધા જ તત્વોના આધારે બાળકનો વિકાસ કેવી રીતે ? તેનું યોગદાન કેટલું ?? શા માટે ?? આપણા જીવનની અનુભૂતિમાંથી ઊતરી આવતું ભાવમય સત્ય એકદમ જ સાહજિક બની જાય છે.

**ઉદેશ્ય**

- ભારતીય સંસ્કૃતિની અસ્મિતાનું ચિરંજીવીતાને ટકાવી રાખવું.
- પરિવાર, માતા–પિતા તથા સમાજની ભૂમિકા નું ચિત્ર–પ્રતિબિંબ પ્રસ્તુત કરવું.

- પંચમહાભૂતોનો બાળકના વિકાસમાં યોગદાન.
- વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ.
- ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિના સમન્વયની ઝાંખી.
- દરેક પરિવારમાં ગર્ભાવસ્થા પૂર્વે પોતાની દ્રષ્ટિ બદલવાનો પ્રયત્ન કરવો.
- ગુજરાતમાં વાલી વિકાસની પરિસ્થિતિ અને વાસ્તવિક સ્થિતિ ને પિછાણવી.

**બાળવિકાસ અને ભારતીય વિચાર**

કોઈ પણ સમાજ, સંસ્થા, પરિવાર સમર્થ ત્યારે જ બને જ્યારે તેનો પ્રત્યેક ઘટક એટલે કે તેની પ્રત્યેક વ્યક્તિ સમર્થ હોય. વ્યક્તિ બે પરિબળોથી સમર્થ બને છે.

૧) જન્મગત સંસ્કારોથી

૨) પ્રાપ્ત થતાં શિક્ષણથી

- શિક્ષણ વિષયક શાસ્ત્રને અધ્યાપનશાસ્ત્ર કહેવાય. જ્યારે
- જન્મગત સંસ્કારના શાસ્ત્રને અધિજનન શાસ્ત્ર કહેવાય.

ભારતીય વિચારને ઉજાગર કરવા માટે અધિજનન શાસ્ત્રને ઉજાગર કરવું ખૂબજ જરૂરી છે. અને અધિજનન શાસ્ત્ર એટલે જન્મના સંસ્કાર અને જન્મ પૂર્વેના સંસ્કાર જન્મના સંસ્કાર સારા અને શ્રેષ્ઠ હોય તો જ અધ્યયન સાર્થક બને છે. જન્મગત સંસ્કારો નબળા હોય અને ઉત્તમ અધ્યયનની વ્યવસ્થા કરવામાં આવે તો એ ધૂળ ઉપર લીંપણ કરવા જેવું છે.

ભારતીય માનસને સમજવા માટે આપણે પ્રાચીન સાહિત્યને તો સમજવું જ પડે. ઋગ્વેદ થી માંડીને આપણું જે સાહિત્ય છે. ઉપનિષદ, પુરાણ, રામાયણ, મહાભારત વગેરે.... બૌદ્ધ અને જૈન સાહિત્ય માં આયુર્વેદ, શિલ્પશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર વગેરે.... આ આપણા પ્રાચીન સાહિત્યને વાંચી, સમજીને આપણા ચિત્ત, અને કાળનું એક ચિત્ર તૈયાર કરવાનું અને આ ચિત્રમાં આધુનિક વિશ્વ અને તેની વૃતિઓને ઉચિત સ્થાન પ્રદાન કરવું જરૂરી બને છે.

આ આધુનિક યુગમાં લોકો એવા અટવાઈ ગયા છે અને વ્યક્તિ પોતે કઈ દિશામાં છે ? બાળકો કઈ દિશામાં છે ? એ વર્તન વિચારને બદલવાની ખાસ જરૂરીયાત ઊભી થઇ છે. કોઈ એક સભ્યતાના માનસ અને ચિત્તને પૂર્ણપણે સાફ કરી દઈને તેનું સંપૂર્ણપણે નવીનીકરણ કરી દેવું તે તો શક્ય નથી પરંતુ આધુનિકતાની ચાલચલન અને ભાષાથી છુટકારો પામીને આપણી જાતને તો સુધારી જ શકીએ. જેવી રીતે શ્રીકૃષ્ણ અર્જુનને વિશ્વરૂપ દર્શન કરાવી રહ્યા છે. અને વિશ્વરૂપ દર્શનના આધારે અર્જુનને પોતાની દ્વિધામાંથી બહાર

ISSN: 2319-202X

નીકળવાનો માર્ગ બતાવી રહ્યા છે એ જ પ્રકારનું કોઈક આપણા કાળનું વિશ્વદર્શન આપણે આપણી દ્રષ્ટિથી જ કરવું પડશે.

વ્યક્તિની માનસિકતા અને જીવનપદ્ધતિ સાથે સાથે જ ચાલે છે. તેથી જ આપણા સમાજનો મોટો ભાગ જીન્સ અને સ્કર્ટ, ક્રેપી ઉપર જીવવા લાગ્યો છે. એમાં કંઈ આશ્ચર્ય નથી. આ પ્રક્રિયામાં તો અભેદ્ય કિલ્લા પણ તૂટી જાય છે. જેમ કે 'જૈન, મારવાડી એ તો ન જ તૂટે' જેમનો પગાર સામાન્ય લોકોથી ત્રણ ગણો છે એમનામાં જ આ પશ્ચિમીકરણનો મોહ છે. એમાં પણ નીચલા સ્તરે તો દેખાદેખીથી જ માત્ર મોહ જ રહ્યો છે. એટલે જ તો વિદેશ જઈ આવવું એ એક મોટી સિદ્ધિ માનવામાં આવે છે. આજકાલ તો ભાજપીઓનાં ભાષણો પણ ડઝનબંધ વિદેશી ઉદાહરણો વગર પૂરાં થતાં નથી. અને પશ્ચિમી મૉડેલ તો આપણી વ્યવસ્થામાં બંધ બેસી ગયું છે. આપણે એટલે કે ભારતીય લોકોની પરંપરા છે કે કોઈ પણ વિષયમાં જે છેક છેલ્લે પાટલે ન બેસવાનો આગ્રહ રહ્યો છે. તો પછી આ શું ? ?

જેવી રીતે ગુલાબ બે પ્રકારના હોય છે. દેશી અને વિલાયતી. દેશી ગુલાબની સુંગધ ગુણકારી હોય છે. તેમાંથી જ ગુલકંદ બને છે અને આપણા દેશના હવામાન માટે અત્યંત આવશ્યક ઔષધિ છે.

આપણે ભાષાની વાત કરીએ ત્યારે અંગ્રેજીમાં ચેક લખતી વખતે 'Rs Ten thousand Only' લખાય છે. આ જ વાક્ય ગુજરાતીમાં 'અંકે દશ હજાર પૂરા' આ રીતે લખાય છે અહીં 'Only' શબ્દ અતૃપ્તિનો સૂચક છે, જયારે 'પૂરા' શબ્દ તૃપ્તિનો ઓડકાર લાગે છે. કહેવાનો તાત્પર્ય એટલો જ છે કે ગુજરાતી ભાષાનાં ભંડોળનું કદ ખૂબ જ મોટું છે. ભાષા એ માત્ર શબ્દાર્થોનું જ પ્રત્યાર્પણ કરીને અટકી જતી નથી. ભાષા દ્વારા સંલગ્ન સંસ્કૃતિનું પ્રત્યારોપણ પણ થતું હોય છે.

આપણી માતૃભાષા નું ચલણ આ અંગ્રેજી મહિનાઓની તારીખોનું ચલણ વધવાથી તારીખ સાથે સંકળાયેલ ક્રિસમસ જેવા તહેવાર સાથે નાતો જોડાઈ ગયો છે. નૂતનવર્ષની નવલી પ્રભાતનો ઠસ્સો મિલેનિયમને ફાળે ગયો છે. રક્ષાબંધનને વેલેન્ટાઇન ડે ભરખી ગયો છે. દિવાળીની રાત્રિનો ટમટમાટ, થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની નશીલી નાઈટના ઝગમગાટ સામે ઝાંખો થયો છે. આમાં માત્ર કાળનું જ પરિવર્તન થતું નથી. પણ કાળજાનું પણ પરિવર્તન કરી નાંખે તેવું કાંઇક અનોખું જ થતું હોય છે. તિથિ છોડીને તારીખ સ્વીકારી એટલે તેની સાથેની કેટલીક અસભ્યાતાઓને પણ આવકારવી જ પડે. પ્રશ્ન તિથિ કે તારીખનો છેડાયો જ છે ત્યારે એક વાત જાણવી રસપ્રદ છે કે ચંદ્રની પૂર્ણ કળા, ઓછી કળા, ચંદ્રગ્રહણ,

ISSN: 2319-202X

સૂર્યગ્રહણ અને સમંદરની ભરતી વગેરે નિયત તિથિએ થાય છે. તેનું તારીખ સાથે ફીક્સ્ચર થવું શક્ય જ નથી. કાળ પરિણામ એ જ્યોતિષચક્રની પરિક્રમા સાથે જોડાયેલી બાબત છે.

નાના બાળકોને શિક્ષણ એમની પોતાની ભાષાના બદલે અન્ય ભાષામાં આપશો તો એ બાળકો નિર્વીય બનશે, નિર્બોધ બનશે, એમની ગ્રહણ શક્તિ બુઠ્ઠી બનતી જશે. અન્ય ભાષામાં પાંચ-સાત કે અગિયાર શબ્દો પોપટની જેમ બોલી જાય એટલે મા હરખાઈ જાય કે મારો દીકરો સ્માર્ટ છે. પણ શું આ સાચી સ્માર્ટનેસ છે ? ?

બાળકના વિકાસમાં વિભિન્ન ભાષાનો મોટો ફાળો છે. બાળકનો પોતાની માતૃભાષા પરિચિત હોવાથી ટ્રાન્સલેશનની મજૂરી કરવી પડતી નથી. પરિણામે મગજની સંપૂર્ણ શક્તિ તે પદાર્થને સમજાવવામાં જ વાપરી શકે છે. પોતાની ભાષા પર પકડ જામ્યા વગર અનેક ભાષાનું શિક્ષણ શૈક્ષણિક દ્રષ્ટિએ પણ જોખમકારક પુરવાર થાય છે. પોતાનાં મૂળિયાં ઊંડા ઊતાર્યા પહેલાં કોઈ વડલો ફેલાવાની શરૂઆત કરતો નથી. અન્ય ભાષાનું મોત ક્યારેક 'સડન કોલેપ્સ' ના રૂપમાં આવતું નથી રિબાઇ રિબાઇને મરતા લાંબી માંદગીના દર્દીની જેમ ભાષાનું મૃત્યુ પણ બહુ ધીમી ગતિથી આવે છે.

બાળકના વિકાસમાં સ્મરણશક્તિના વિકાસ કરતાં સમજશક્તિનાં વિકાસ ઉપર ભાર આપવાની જરૂર છે. અને તે બહુ ભાષાથી નહિ પરંતુ એક જ ભાષાથી આપી શકાય. જો બાળકને યોગ્ય દિશામાં આંગળી ચિંધેલ હશે તો હાથમાં, પગમાં, આંખમાં, કાનમાં, લોહીનાં ટીપે ટીપે, રોમ રોમમાં મનમાં ને હૃદયમાં ચેતન આવે છે.

આપણે બાળકોને પ્રેમ ભલે આપીએ પણ આપણી કલ્પનાઓ ક્યારેય ન થોપી બેસાડવી. આજની પરિસ્થિતિ દરેક માતા-પિતાની, સામાજિક, સાંસ્કૃતિક, મનોવૈજ્ઞાનિક સમસ્યા બની ગઈ છે

**આજ ના યુગ માં પ્રેમ એટલે શું?**.

માતા-પિતાનો પ્રેમ એટલે શું? કપડાં, રમકડાં, મોબાઈલ, ઈન્ટરનેટ સુધી જ સીમિત બની ગયો છે. બધી જ ભૌતિક વસ્તુઓ બાળકોને પૂરી પાડવી. પરંતુ પોતાનું હૃદય જ ન આપવુ. અત્યારે સંબંધોની આ સ્થિતિ છે. વાસ્તવમાં પરિવારનું શિક્ષણ જ બાળક માટે આદર્શ સ્વરૂપ છે.

વ્યક્તિને ભાષા ક્યાંથી ક્યાં લઈ જાય છે. ભાષા તો વિચારો અને સંસ્કારનું પ્રભાવી માધ્યમ છે. શિક્ષણનું માધ્યમ તો માતૃભાષા જ હોવું જોઈએ. માતૃભાષામાં શીખવું સહજ હોય છે. જ્યારે અન્ય ભાષામાં પ્રયત્નપૂર્વક શીખવું પડે છે. આ તો દીવા જેવું સ્પષ્ટ છે કે મનુષ્યનું હૃદય ગ્રહણ કરી શકે એવી માતૃભાષા માં જ શિક્ષણ અપાય.

ISSN: 2319-202X

માતૃભાષા શબ્દમાં જ માતૃત્વ સમાયેલું છે. માતાની ભાષાનો સંબંધ પણ જન્મ સાથે જ જોડાઈ જતો હોય છે. માતૃભાષા આત્માની વાચા છે તેને કેમ અવગણી શકાય ? ગુજરાતી ભાષા આપણી માતા છે તો અંગ્રેજી ભાષા આપણી માસી છે. માતૃભાષાને બદલે અન્ય માધ્યમમાં શીખવાની પ્રક્રિયા થવાથી બાળકના જ્ઞાનાત્મક વર્તનક્ષેત્રમાં જ ફેરફાર આવે છે. ભાવાત્મક ક્ષેત્રમાં ફેરફાર થતો નથી. જેની બજારમાં કિંમત થાય છે. પરંતુ તેનું સમાજમાં મૂલ્ય અંકાતું નથી.

બાળકનું બાળપણ ખીલવાને બદલે મૂંઝાય છે. મૂરઝાય છે. જમીની નાતો વિસરાતો જાય છે. અન્ય માધ્યમ કલમની જેમ રોપવામાં આવે છે. જેનાં મૂળ હોતા નથી.

**સોક્રેટીસ કહેતા કે,**

સંસ્કાર–ઘડતરની પ્રક્રિયા બાળકની પાંચ વર્ષની ઉંમરે પૂર્ણ થઇ જાય છે. આ ઉંમર સુધી બાળક સૌથી વધુ માતૃભાષાના રંગે રંગાતું હોય છે એટલે જ સંસ્કાર ચિંતનનું કાર્ય માતૃભાષા દ્વારા નિષ્પન્ન થતું હોય છે. સંસ્કૃતિનું જતન કરવા, સંવર્ધન કરવા માતૃભાષાને પૂર્ણત: જીવંત રાખવી અનિવાર્ય બને છે. ભૌતિકતા પ્રતિની આપણી દોડમાં મનુષ્યમાંથી મશીનમાં રૂપાંતરિત ન થવા માટે માતૃભાષાને નવપલ્લવિત, અલંકારિત રાખવી એ આપણા મનુષ્યત્વ માટે પ્રાણવાયુ સમાન છે. માનસિક ગુલામીમાંથી મુક્તિ મેળવી આનંદની પ્રકૃતિ પામવા માતૃભાષાને જીવાડવી પડશે.

જન્મતાંની સાથે બાળક કેટલાક સંસ્કાર લઈને આવે છે અને પારિવારિક વાતાવરણમાં ઉછરીને બાળકમાં મુલ્યો જન્મે છે. માતૃભાષાની સમજણ વિના અંત:પ્રજ્ઞામાં મુલ્યો સરળતાથી સાકાર પામતાં નથી, કારણ કે પાયાની સમજણ બાળક તેની માતૃભાષામાં જ પ્રાપ્ત કરતું હોય છે.

બાળકના દેહના વિકાસ માટે જેમ માતાનું દૂધ સ્વભાવિક છે તેમ તેના મગજના વિકાસ માટે માતૃભાષા સ્વભાવિક છે. બાળક શિક્ષણની શરૂઆત મા પાસેથી જ કરે છે.

**બાળકના વિકાસમાં માતા–પિતા અને પરિવાર નું યોગદાન**

આપણી ભાષા ભૂલરહિત બોલાય તેમજ લખાય તેની સવિશેષ કાળજી રાખીએ. ઉદારણ તરીકે, 'પાચી' ની જગ્યાએ શુદ્ધ શબ્દોનું ઉચ્ચારણ કરીએ 'પાણી', ભલે બાળક ૧ વર્ષનું હોય કે પછી ૩ વર્ષનું.

માતાએ પોતાના બાળકને કંઈપણ શીખડાવવામાં ધીરજ રાખવી.

ઘરમાં ડાઈનીંગ ની જગ્યાએ નીચે બેસીને ભોજન કરાવવું.

ત્રણ થી પાંચ વર્ષના બાળકના દસ થી અગિયાર કલાકની ઊંઘ કરાવવી.

બાળકને સુવાડતી વખતે વાર્તા અવશ્ય સંભળાવવી.

બાળક સવારે પોતાની રીતે જાગી જાય તેવી આદત પાડવી.

બાળકની જિજ્ઞાસાવૃત્તિ ને સંતોષવાનો પ્રયત્ન કરવો.

બાળકનો દરેક ક્રિયા–પ્રતિક્રિયા દરમ્યાન અભિપ્રેરણા આપી આત્મવિશ્વાસ વધારવો જોઈએ.

ભવિષ્યમાં વૃદ્ધાશ્રમનો વધારો કરવો ન હોય તો બાળકને આપણી પાસે રાખી માતૃભાષાથી પરિચિત કરાવીએ.

ઘરમાં પ્લાસ્ટિકની ફૂલદાની ની જગ્યાએ બની શકે તો સાચાં ફૂલનો પ્રયોગ કરીએ.

દિવાળી, ક્રિસમસ જેવા તહેવારોમાં વીજળીના પ્રકાશની જગ્યાએ દીવા પ્રગટાવીએ જેથી આપણા સ્વાસ્થ્ય ની દ્રષ્ટીએ હાનિકારક ન નીવડે

બાળકને ગૃહકાર્ય દરમ્યાન એટલે કે અસાઇમેન્ટ, પ્રોજેકટ વગેરે કાર્યમાં દિશા બતાવીએ.

કોઈપણ નિર્ણય અંગે બુદ્ધિથી વિચારવા ઉપરાંત ભાવનાથી પણ વિચારી શકાય.

**ઉપસંહાર**

કોઈ પણવસ્તુની, વાતની ઘટનાની, પરિસ્થિતની અસર બાળક ઉપર તરત જ ઝેરોક્ષ મશીનની જેમ જોવા મળે છે. જેમ ટેકનોલોજી ખૂબ જ ઝડપી છે. ક જેમ સરકારે ૮૫ લાખનું ઝેરોક્ષ મશીન કે ૧ મિનિટમાં ૧૦૦ ઝેરોક્ષ કૉપી ખૂબ જ સ્વરછ અને ઝડપથી નીકળી શકે છે. તેવી જ રીતે આ વાતાવરણની અસર પણ બાળકના ચિત્ત ઉપર ખૂબ જ ઝડપથી જોવા મળે છે. તો આપણે સૌ સાથે મળીને આપણા બાળકને ઉછેરીએ અને શક્ય તેટલાં આપણા ભારતીય વિચારને અનુસરવાનો પ્રયત્ન જરૂર કરીએ. મેડમ મોન્ટેસરી દ્ધારા પુકારેલ બાળઉછેરનો વિચાર જ્ઞાનની આપ–લે આસપાસ ઘૂંટાય છે. પરંતુ જીવવિજ્ઞાન દ્ધારા જાણી શકાય છે. બાળક જેટલું વાર્તાનિક છે. તેથી અનેકગણું વધારે શારીરિક , માનસિક અને રાસાયણિક છે. આથી જ એકવીસમી સદીનાં બાળકનો ઉછેર અથવા આવતીકાલના સ્વસ્થ સમાજ માટે આજના બાળકના ઘડતરનો પાયો આરોગ્યની વાતથી જ કરી શકાય.

**સંદર્ભસૂચિ :**

શાહ બુદ્ધિચંદ્ર અને શાહ કૌશલ્ય **: શિક્ષણનું સમાજશાસ્ત્ર,** યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ